# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-10-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'ભારત ટેલિકમ્યુનિકેશન અને તેનાથી સંબંધિત ટેક્નૉલોજીના ક્ષેત્રમાં હાલમાં વિશ્વનો સૌથી વધુ સક્રિય દેશ છે.'
2) કેન્દ્રીય ચૂંટણી પંચ આજે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરશે.
3) ઇટલીમાં 75મી આંતરરાષ્ટ્રીય અવકાશયાત્રી વિષયક કૉંગ્રેસનો પ્રારંભ થયો
4) પરમેશ શિવમણિએ ભારતીય તટરક્ષકના 26મા મહાનિદેશક તરીકેનો કાર્યભાર સંભાળ્યો.
5) ડેનમાર્ક ઑપન 2024 બેડમિન્ટન સ્પર્ધામાં ભારતીય ખેલાડી પી.વી. સિંધુ આજે સાંજે મહિલા સિંગલ્સની શરૂઆતી મેચમાં ચીન સામે રમશે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV DAY PM ITU WTSA IMC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આંતરરાષ્ટ્રીય ટેલિકમ્યુનિકેશન યુનિયન – I.T.U. - વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઈઝેશન એસેમ્બલી – W.T.S.A 2024નું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય દુરસંચાર સંઘના વૈશ્વિક સંમેલનમાં ઉદઘાટન સત્રમાં દૂરસંચાર માટેના ચાર આધારસ્તંભ જેમાં સંચાર માધ્યમ માટેના સંસાધનો સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવવા, કનેકટીવીટી, સસ્તો ડેટા અને ડીજીટલ ફર્સ્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું.

W.T.S.A પરિષદનું દર ચાર વર્ષે આયોજન થાય છે. જોકે, આ વખતે પહેલી વખત ITU-WTSAનું આયોજન ભારત અને એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં કરવામાં આવી રહ્યું છે. શ્રી મોદીએ કાર્યક્રમ દરમિયાન ઇન્ડિયા મૉબાઈલ કૉંગ્રેસ 2024ની આઠમી આવૃત્તિનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘ભારત ટેલિકમ્યુનિકેશન અને તેનાથી સંબંધિત ટેક્નૉલોજીના ક્ષેત્રમાં હાલમાં વિશ્વનો સૌથી વધુ સક્રિય દેશ છે.’ તેમણે ઉમેર્યું કે, ‘ભારતમાં લગભગ 120 કરોડ લોકો પાસે મૉબાઈલ છે, આજે વિશ્વના 40 ટકાથી વધુ ડિજિટલ લેવડ-દેવડ ભારતમાં થાય છે.’

**(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)**

## ECI - POLLSCHEDULE

ભારતીય ચૂંટણી પંચ આજે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરશે. પંચ આ જાહેરાત કરવા માટે નવી દિલ્હીમાં બપોરે સાડા ત્રણ વાગ્યે પત્રકાર પરિષદ યોજશે. મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ આવતા મહિનાની 26મી તારીખે અને ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ આવતા વર્ષે 5મી જાન્યુઆરીએ સમાપ્ત થશે.

## IAC INAUGURATION

ઇટલીના મિલાનમાં માઇકો સંમેલન કેન્દ્ર ખાતે 75મી આંતરરાષ્ટ્રીય અવકાશયાત્રી વિષયક સંમેલનનો પ્રારંભ થયો છે. આ સંમેલનમાં વિશ્વભરના 10 હજાર અવકાશ નિષ્ણાતો, વિદ્વાન, ઉદ્યોગ સાહસિક અને વ્યવસાયિકો ભાગ લઈ રહ્યા છે. ઈટલીના

રાષ્ટ્રપ્રમુખ સર્ગિયો મટરેલા પણ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે કૉંગ્રેસનો વિષય ટકાઉપણું માટે જવાબદાર અવકાશ છે, જેમાં વૈશ્વિક અવકાશ ટેક્નૉલોજીને પ્રોત્સાહન આપવા, ભવિષ્યના અવકાશ અભિયાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ તથા પર્યાવરણ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવી રાખવા જેવા વિષયોને પ્રાથમિકતા આપવામાં આવી છે.

અઠવાડિયા સુધી ચાલનારી આ કૉંગ્રેસમાં 200 ટેક્નિકલ સત્ર હશે, જેમાં ચન્દ્રમા અને મંગળ ગ્રહ પર સતત શોધ, જળવાયુ પરિવર્તન માટે અવકાશ આધારિત દેખરેખ, અવકાશ વિકાસના ક્ષેત્રમાં ખાનગી કંપનીઓની ભૂમિકા અને કૃત્રિમ બુદ્ધિમતા જેવા વિષય સામેલ હશે.

# DG-COAST GUARD

પરમેશ શિવમણિએ આજે ભારતીય કોસ્ટ ગાર્ડના 26મા મહાનિર્દેશક તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

શ્રી શિવમણિ દિશાસૂચકતા અને દિશા નિર્દેશનમાં નિષ્ણાત છે, અને તેમના દરિયાઈ કમાન્ડમાં ભારતીય તટરક્ષકના તમામ મુખ્ય જહાજોનો સમાવેશ થાય છે. તેઓ નવી દિલ્હીની નેશનલ ડિફેન્સ કૉલેજ અને વેલિંગ્ટનની ડિફેન્સ સર્વિસ સ્ટાફ કૉલેજના પૂર્વ વિદ્યાર્થી છે. તેમની ઉમદા સેવા બદલ તેમને વર્ષ 2014માં તટરક્ષક ચંદ્રક અને વર્ષ 2019માં રાષ્ટ્રપતિ તટરક્ષક ચંદ્રકથી નવાજવામાં આવ્યા હતા. તેમને વર્ષ 2012માં ડાયરેક્ટર જનરલ કોસ્ટ ગાર્ડનું સન્માન પણ આપવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર**

**માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

# VP - ASSAM

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલથી આસામના ગુવાહાટી અને મેઘાલયના શિલોંગની બે દિવસના પ્રવાસે જશે. દરમિયાન, શ્રી ધનખડ મુખ્ય અતિથિના સ્થાને શિલોંગમાં માવડિયાંગડિયાંગ ખાતે મેઘાલય સ્કિલ એન્ડ ઈનોવેશન હબનો શિલાન્યાસ કરશે. તેઓ શિલોંગમાં આઈ.ટી પાર્ક અને રાજભવનની પણ મુલાકાત લેશે તો સાથોસાથ મુખ્યમંત્રી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

# BAHARAICH SITUATION

ઉત્તર પ્રદેશમાં, ગ્રાઉન્ડ ઝીરો પર વરિષ્ઠ અધિકારીઓના આગમનને પગલે બહરાઇચમાં હિંસાની સ્થિતિ હવે સંપૂર્ણ નિયંત્રણમાં છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વ્યક્તિગત રીતે રાજ્ય પોલીસ વડા અને ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ સાથે વાત કરી હતી. તેમણે ઉચ્ચ અધિકારીઓને ઘટનાસ્થળે મોકલવા અને રીયલ-ટાઇમ અપડેટ્સ પ્રદાન કરવા સૂચના આપી હતી. તેમણે તોફાનીઓ સામે કડક કાર્યવાહીનો આદેશ પણ આપ્યો હતો. દરમિયાન, પોલીસ અને વહીવટી ટીમોએ તોફાની તત્વોને પકડવા શોધખોળ શરૂ કરી છે.

સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા 4 IPS અધિકારી, 2 ASP અને 4 ડેપ્યુટી એસપી, PACની 12, CRPFની 2 અને RAFની એક કંપની તૈનાત છે, રેન્જ અને ઝોન અધિકારીઓ ઘટના સ્થળે પહેલેથી જ હાજર છે. નજીકના વિસ્તારોમાંથી પોલીસ દળ પણ રવાના કરાયું હતું. બહરાઇચમાં વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા દળોએ શેરીઓમાં સંપૂર્ણ શોધખોળ અભિયાન ચલાવ્યું હતું. રાજ્ય પોલીસ વડા પ્રશાંત કુમારે જણાવ્યું કે બહરાઈચમાં સ્થિતિ હાલમાં શાંતિપૂર્ણ અને નિયંત્રણમાં છે. આ ઘટનામાં સામેલ 10 લોકો સામે FIR દાખલ કરવામાં આવી છે.

ડીજીપીએ સ્થાનિક રહેવાસીઓને અફવાઓ અને ખોટી માહિતી સામે સતર્ક રહેવા અપીલ કરી હતી. દરમિયાન, રવિવારે અસામાજિક તત્વો દ્વારા ગોળી મારીને હત્યા કરાયેલા રામ ગોપાલ મિશ્રાના પરિવારના સભ્યો આજે લખનૌમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળે તેવી શક્યતા છે.

# SRILANKA-FLOOD

શ્રીલંકાના હવામાન વિભાગે વાતાવરણમાં સુધારો થવાની આશા વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે દક્ષિણ પૂર્વ બંગાળની ખાડી પરનું ઓછું દબાણ ગઇકાલે સ્થિર રહ્યું હતું અને તે ધીમે ધીમે પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

આજે સવારે દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં ઓછું દબાણ બનતા પશ્ચિમ અને ઉત્તરના પ્રાંતો સહિત અનેક ટાપુના વિવિધ ભાગોમાં મધ્યમ વરસાદ વરસી શકે છે. જો કે  હાલ પૂરની સ્થિતિ કાબુમાં છે, પરંતુ પૂરના કારણે પાણીજન્ય સંબંધિત રોગોની ચિંતા વધી રહી છે.

# INDIA AUSTRALIA

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ટૂ પ્લસ ટૂ સચિવસ્તરનો ચોથું પરામર્શ સંમેલન નવી દિલ્હીમાં યોજાઈ ગયું. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, સંરક્ષણ સચિવ ગિરિધર અરમાણે અને વિદેશ સચિવ વિક્રમ મિસરી એ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. જ્યારે ઑસ્ટ્રેલિયાના સંરક્ષણ વિભાગના સચિવ ગ્રેગ મૉરિયાર્ટી અને વિદેશી બાબતોના વિભાગના સચિવ અને વેપાર સચિવ જેન એડમ્સે ઑસ્ટ્રિલિયાનું નેતૃત્વ કર્યું.

મંત્રાલયે જણાવ્યું કે, પરામર્શ દરમિયાન રાજકીય, વ્યૂહાત્મક, સંરક્ષણ અને સલામતી તેમજ સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓને આવરી લેવાયા હતા. બંને દેશે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને પ્રગતિના તેમના સહિયારા ઉદ્દેશ્યને હાંસલ

કરવા અને ભારત-ઑસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા તેમની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો.

# MAHA WEATHER

હવામાન વિભાગે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 2 દિવસ દરમિયાન વીજળીના કડાકા સાથે ભારે વરસાદ અને વિવિધ સ્થળ પર વરસાદ થવાની શક્યતા છે.

આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, પાલઘર, થાણે, મુંબઈ, રત્નાગિરિ, સિંધુદુર્ગ, અહિલ્યાનગર, પુણે, સતારા અને મરાઠવાડાના કેટલાક ભાગો સામાન્યથી મધ્યમ વરસાદ તેમજ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ભારે પવન ચાલવાની સાથે વરસાદ વરસી શકે છે. ઉપરાંત હવામાન વિભાગે સાંગલી અને સોલાપુરમાં વીજળી ચમકવા અને મુશળધાર વરસાદની સાથે ગાજવીજ સાથે વરસાદની શક્યતાને જોતા ચેતવણી આપી છે.

# PM - ABDUL KALAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મિસાઇલમેન ઓફ ધ ઇન્ડિયાના નામથી પ્રખ્યાત અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ એપીજે અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયાની એક પોસ્ટમાં, શ્રી મોદીએ લખ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના વિચાર અને દૃષ્ટિ દેશને વિકસીત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે.

# NASA EUROPA CLIPPER

નાસાએ કોઈ ગ્રહ અભિયાન માટે બનાવવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું અવકાશયાન યુરોપા ક્લિપર રજૂ કર્યું છે. આ યાનનો ઉદ્દેશ્ય ગુરુના ચંદ્ર યુરોપામાં જીવન માટે યોગ્ય પરિસ્થિતિઓ છે કે નહીં તે તપાસવાનો છે. આમાં

બરફના જાડાબાહ્ય આવરણ નીચે છૂપાયેલા વિશાળ ઉપસપાટી મહાસાગર પર ધ્યાન કેન્દ્રીત કરાશે.

રોબોટિક સૌર-ઊર્જાથી ચાલનારું આ યાન 5 વર્ષ અને 6 મહિનામાં લગભગ 2.અ9 બિલિયન કિલોમીટરની યાત્રા કર્યા બાદ વર્ષ 2030માં ગુરુની આસપાસ ભ્રમણકક્ષામાં પ્રવેશ કરશે. યુરોપા ક્લિપરનું નામ પોતાના ગંતવ્ય ગુરુના બર્ફીલા ચંદ્ર યુરોપાના નામ પર રખાયું છે. યુરોપા ક્લિપર સૌર મંડળના સૌથી મોટા ગૃહ બુધની ચારે તરફ એક તીવ્ર વિકિરણ વાતાવરણમાં કામ કરશે.

# DANMARK OPEN BADMINTON

ડેનમાર્ક ઑપન 2024 બેડમિન્ટન સ્પર્ધામાં ભારતીય ખેલાડી પી.વી. સિંધુ આજે સાંજે મહિલા સિંગલ્સની શરૂઆતી મેચમાં ચીનનાં તાઈપેનાં પાઈ યૂ પો સામે રમશે. જ્યારે વિશ્વના 19મા ક્રમાંકના ખેલાડી લક્ષ્ય સેન બપોરે 17મા ક્રમાંકના ચીનના લૂ ગુઆન્ગ જૂ સામે રમશે.

મહિલા જોડીમાં રૂતપર્ણા અને શ્વેતાપર્ણા પાંડા બહેનોની મેચ આજે બપોરે ચીનના તાઈપેનાં ચાંગ ચિંગ હુઈ અને ચાંગ ચિંગ તુનની જોડી વચ્ચે રમાશે. જ્યારે મિક્સ્ડ ડબલ્સમાં સતીષકુમાર કરૂણાકરન અને આદ્યા વરિયાથની જોડી આજે સાંજે ઇન્ડોનેશિયાના રેહાન નૌફલ કુશર્જન્તો અને લિસા અયુકુ સુમાવતીની જોડી સામે રમશે.